# ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ સાહેબની અદાલતમાં, મું.મેંદરડા.

ફોજદારી કેસ નંબર– ૪૦/૨૦૨૬
આંક :–

ફરિયાદી :– શ્રી સરકાર

// વિરૂધ્ધ//

આરોપી :– જીતેન્દ્રભાઈ સરમણભાઈ જોટવા,
રહે. હરીપુર (ગીર), તા.મેંદરડા, જિ.જૂનાગઢ

બાબત :– બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ– ૨૨૩ મુજબ

ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી કે.બી.ટાંક
આરોપી તરફે વિ. વકીલ શ્રી જે.પી.જોષી

## // ચુ કા દો //

(૧) આરોપી સામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે આરોપીએ ગઈ તા.૨૯/૧૨/૨૦૨૫ ના ક.૨૩/૫૦ વાગ્યે પોતાના કબજા ભોગવટાના ''ધ ડ્રીમ ફોરેસ્ટ રીસોર્ટ'' મા રોકાતા મુસાફરો તેમજ ગેસ્ટ અંગેનું નિયમ મુજબનુ રજીસ્ટર ન નિભાવી તેમજ રીસોર્ટમાં રજીસ્ટરોના પેજ કોરા રાખી રીસોર્ટમાં આવતા જતા ગેસ્ટની એન્ટ્રીઓ ન કરી રોકાતા ગેસ્ટના આઈ.ડી. પ્રુફ મેળવવામા ખામી રાખી રજીસ્ટરમાં સબંધીત પોલીસ સ્ટેશનના સહી તથા સીકકા ન કરાવી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, જૂનાગઢની કચેરીના નંબર એમ એજી/સી/પથીક/જાહેરનામું/ઈ–૧૦૨૬૮/૨૦૨૫, તા.૦૫/૧૨/૨૦૨૫

ના રોજ પ્રસીધ્ધ થયેલ જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ તે મતલબની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, ગુનો નોંધી, આરોપીને અટક કરેલ. તપાસના અંતે ઉપરોકત ગુનાનુ ચાર્જશીટ આ કોર્ટમા ઈન્સાફી કાર્યવાહી સારુ રજુ કરેલ છે.

(૨) હાલના આરોપી અદાલત રૂબરૂ હાજર રહેલા અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલી. આ કામે આરોપી સામે આંક–૪ થી ગુનો કબુલ કરતા હોવાની પ્લી રેકર્ડ કરવામાં આવેલ. તે મતલબની આંક–૩ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુનો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપી ગરીબ પરિસ્થિતીના છે. જેથી હળવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૩) ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે, જેથી સદર કાયદાના પ્રોવિઝનો ધ્યાને લેતા સદર કાયદામાં સજાની જોગવાઈ અને દંડની જોગવાઈ લક્ષમાં લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો સુપ્રસિધ્ધ ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ વંચાણે લેતા તેમાં પણ નામદાર હાઈકોર્ટે ખાસ સંજોગોમાં મીનીમમ કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ ઠરાવેલ છે. જેથી હકીકતો અને સંજોગો લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના આરોપી જીતેન્દ્રભાઈ સરમણભાઈ જોટવા, રહે. હરીપુર

(ગીર), તા.મેંદરડા, જિ.જૂનાગઢ વાળાઓને બી.એન.એસ.એસ. કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ.કલમ–૨૨૩ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૧૪ મી, માહે : માર્ચ, સને–૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ :– મેંદરડા.

**( કૃષ્ણ સિંહ રાઠૌર)**
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
**U.I.Code No. GJ001638**

**એમ. એમ. નં. તા.૧૪/૦૩/૨૦૨૬ થી રુપીયા ૫૦૦/– દંડ વસુલ લીધો.**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**રજીસ્ટ્રાર**
**જયુડી. મેજી. ફ. ક.કોર્ટ,**
**મેંદરડા**